| PUBLICATION NAME : | Janmabhoomi |
| --- | --- |
| EDITION : | Delhi |
| DATE : | 04/09/2022 |
| PAGE: | 7 |

# દસ હજાર મહિલા સંચાલિત હરિત વ્યાપારનું થશે સર્જન

## ગુજરાત સ્થિત ભારતીય ઔદ્યોગિક સાહસિકતા સંસ્થાને ઉદ્યોગગૃહો સાથે હાથ મિલાવ્યા

નવી દિલ્હી, તા. ૩ : ગુજરાત સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત અને સમગ્ર ભારતમાં ફેલાયેલા ગુજરાત સ્થિત સેન્ટર ઓફ એક્સેલન્સ ધ એન્ટર પ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ડિયા (ઇડીઆઇઆઇ-ભારતીય ઔદ્યોગિક સાહસિકતા વિકાસ સંસ્થાન)એ શુક્રવારે જાહેરાત કરી હતી કે, ઇન્સ્ટિટ્યૂટ ૧૦૦૦ દિવસમાં ૧૦૦ જિલ્લામાં ૧૦,૦૦૦ જેટલા મહિલા નેતૃત્વ હેઠળના હરિત વ્યાપાર (ગ્રીન બિઝનેસ) સર્જવા કોર્પોરેટ ઉદ્યોગ ગૃહો સાથે જોડાણ કરશે.

નવી દિલ્હી ખાતે ઇન્ડિયા ઇન્ટરનેશનલ સેન્ટરમાં ‘ટેકનોલોજીયુક્ત મહિલા સંચાલિત ગ્રીન બિઝનેસ’ વિષય પર ઇડીઆઇઆઇ આયોજિત રાઉન્ડટેબલ બેઠક બાદ આ જાહેરાત કરવામાં આવી હતી.

આ દિવસભરના સત્રમાં મહિલાઓ દ્વારા સંચાલિત હરિત વ્યાપારમાં નવી પદ્ધતિ, મહિલા સશક્તિકરણને વધુ સુદ્દઢ કરવા માટે જોડાણના સંયુક્ત પ્રયાસો અને હરિત વ્યાપારને આગળ વધારવા માટે ઓછા ખર્ચવાળી ટેકનોલોજીના ઉપયોગ પર વિશદ ચર્ચા થઇ હતી. આ ચર્ચામાં કોર્પોરેટ જગતના સીએસઆર વડા, જાહેર ક્ષેત્રના નિગમોના અધિકારીઓ, મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ અને પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઇડીઆઇઆઇએ ઔદ્યોગિક સાહસિકતા શિક્ષણ અને તાલીમમાં પાયાની સંસ્થા છે. જે સમુદાયના વિકાસ માટેના કેટલાક પ્રોજેક્ટોના અમલીકરણમાં ભારતીય ઉદ્યોગ જગત, વિવિધ સરકારી મંત્રાલયો સાથે સહયોગ સધાને કામ કરે છે. સામાજિક ઔદ્યોગિક સાહસિકતા અને સીએસઆર એ તેમનું મુખ્ય લક્ષ્ય છે.

ઇડીઆઇઆઇના મહાનિર્દેશક ડો. સુનિલ શુક્લાએ કહ્યું હતું કે, ‘ઇડીઆઇઆઇ’એ કલાકારો, વણકરો, મહિલા સ્ટાર્ટઅપ અને બેરોજગારોને ઔદ્યોગિક સાહસ તેમજ કૌશલ્યવર્ધનની સફળ તાલીમ આપે છે. મને ખુશી છે કે, કોર્પોરેટ ગૃહોના સાથથી અમે નોંધપાત્ર પરિણામ સાથે પ્રગતિ સાધશું.

ઇડીઆઇઆઇમાં ડિપાર્ટમેન્ટ ઓફ પ્રોજેક્ટ (કોર્પોરેટ)ના ડાયરેક્ટર ડો. રમણ ગુજરાલે બજારમાં ઉચ્ચ મૂલ્યવર્ધિત ઉત્પાદનો અને સેવામાં ઓછામાં ઓછા પર્યાવરણને નુકસાન થાય તે વાત પર ભાર મૂક્યો હતો.